જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૮/૨૦૧૬ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી ૨૪૯ લીટર દેશી દારૂ, ૩૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪ બિયર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧,૩૮,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૦ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૬/૧૬**

**ક્રાઇમ બ્રાન્ચઃ** નીતીન રામગણેશ પંડયા (રહે. અભિલાષા ફ્લેટ, સેટેલાઈટ) એ તા.૨૨/૦૮/૧૬ નારોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે આજથી આઠેક માસ પહેલાથી આજ દિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી સી.જી.રોડ હાઈટેક વિઝન એજયુકેશનની ઓફિસ ખાતે (૧) સમીરભાઈ ઠક્કર અને (૨) મુંબઈ ખાતે રહેતો સમીરભાઈ ઠક્કરનો ઓળખીતો અજાણ્યો ઈસમે ભેગા મળી નીતીન પંડ્યાને યુ.એસ.એ. જવા માટે વીઝા આપવા સારૂ નીતીન પંડયાના નામે ખોટા અને બનાવટી ડોકયુમેન્ટ બનાવી વિઝા અપાવવાના બહાના હેઠળ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ટી આર ભટ્ટ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૭/૧૬**

**નરોડાઃ** દેવાંગભાઈ વિનોદભાઈ શાહ (રહે.આરાધના એપાર્ટમેન્ટ સુતરના કારખાના રોડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૮/૧૬ બપોરના ૧૨/૦૦ થી તા.૨૨/૮/૧૬ કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા તક્ષશિલા કોમ્પલેક્ષ નવકાર ટાવર ખાતે આવેલ પોતાની દુકાન નંબર-૧ ના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી જુદી-જુદી કંપનીના ટાયર, ટ્યુબ, કોમ્પ્રેસર, પાઈપ, જેક પાના અને સેફ્ટી બુટ મળી કુલ રૂપિયા ૧,૯૨,૮૩૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વટવાઃ** ભરતભાઈ કાંતીભાઈ મકવાણા (રહે.પુજાનગર ધર્મભુમિ સોસાયટીની બાજુમાં નારોલ વટવા) એ તા.૨૨/૮/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૮/૧૬ બપોરના ૧૨/૦૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન અને રોકડા રૂપિયા ૧૭,૫૦૦/- મળી કુલ રૂપિયા ૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી મફતસિહ ગફુરસિહ ચલાવે છે.

**સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૮/૧૬**

**અમરાઈવાડીઃ** કુતીકાબહેન પંકજભાઈ લેઉવા (રહે.રણજીત સોલંકીની ચાલી હઠીયા હનુમાન પાસે સુખરામનગર ગોમતીપુર) તા.૨૨/૮/૧૬ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે અમરાઈવાડી આશીમા ફેકટરી અનુપમ સિનેમા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કુતીકાબહેનના ગળામંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કુતીકાબહેન લેઉવાએ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ઓ એમ દેસાઈ ચલાવે છે.

**ઈસનપુરઃ** સીલ્વીબહેન જૈમીનભાઈ પટેલ (રહે.આશિર્વાદ સોસાયટી ગોવિંદવાડી ઈસનપુર) તા.૨૨/૮/૧૬ કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે ઈસનપુર મણીબા પાર્ટી પ્લોટ સામે ગાર્ડન નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) બે પુરૂષ સીલ્વીબહેનના ગળામંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સેલ્વીબહેન પટેલે ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ગુલાબસિહ સોનાભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)